# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY
(Established Under Gujarat Act No.: 20 of 2007)

# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી
(ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)


ESTD - 2007

**Ref. :** જીટીયુ/પરિપત્ર/સંલગ્ન કોલેજો/૨૦૧૩/10359 **Date : 03/12/2013**

## પરિપત્ર :

**વંચાણે લીધાં :** સંયુક્ત નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો તા. ૨/૧૨/૨૦૧૩ નો ઈ-મેઈલ

આથી તમામ સંલગ્ન સંસ્થાઓ/કોલેજોને જણાવવામાં આવે છે કે, સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા ભારત દેશની અખંડીતતા માટે ૫૬૨ દેશી રજવાડાઓનું એકીકરણ કરી સ્વતંત્ર ભારતમાં જોડવાનું ભગીરથ કામ સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલ. આ બેનમૂન કાર્યના સંદર્ભે સરદાર પટેલ ૧૮૨ મીટર ઊંચાઈ ધરાવતાં વિશ્વના ઊંચામાં ઊંચા સ્ટેચ્યુની નર્મદાના સાધુ બેટ ખાતે સ્થાપવાનું રાજ્ય સરકારશ્રીએ આયોજન કરેલ છે.

આ બાબતે સમગ્ર દેશમાં ૫૬૨ સ્થળોએ "Run for Unity" કાર્યક્રમનું આયોજન કરવાનું રાજ્ય સરકારશ્રીએ નક્કી કરેલ છે. ગુજરાત રાજ્યના ૩૪ શહેરોમાં "Run for Unity" કાર્યક્રમનું આયોજન તા. ૧૫/૧૨/૨૦૧૩ ના રોજ સવારે ૮ થી ૧૧ કલાક દરમ્યાન કરવામાં આવનાર છે. માન. મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે "Run for Unity" ને વડોદરા ખાતેથી પ્રસ્થાન કરવામાં આવનાર છે. જ્યારે તે સિવાયના સ્થળોએ માન. મંત્રીશ્રીઓ અને માન. ધારાસભ્યશ્રીઓ "Run for Unity" ને પ્રસ્થાન કરાવશે.

આપની સંસ્થા/કોલેજમાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનો તથા સર્વે ટીચીંગ-નોન ટીચીંગ સ્ટાફને ઉપરોક્ત "Run for Unity" કાર્યક્રમમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરશો. ભાગ લેનારને જે તે જિલ્લાના કલેક્ટરશ્રી દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવશે.

"Run for Unity" કાર્યક્રમમાં ભાગ લેવા અને રજિસ્ટ્રેશન માટે **www.runforunity.com** ઉપર પોતાનું નામ, મોબાઈલ/ફોન નંબર, ઈ-મેઈલ એડ્રેસની માહિતી પૂરી પાડવાની રહેશે. રજિસ્ટ્રેશન નિઃશૂલ્ક છે. આપની કચેરી ખાતે રોજે રોજ થયેલ રજિસ્ટ્રેશનની માહિતી સંયુક્ત નિયામકશ્રી, પ્રો. આર. જે. જોષીના ઈ-મેઈલ એડ્રેસ : **rjj7476@gmail.com** પર અચૂક મોકલી આપવાની રહેશે.

Sd/-
ઈ/ચા રજીસ્ટ્રાર

પ્રતિ
આચાર્યશ્રી/ડાયરેક્ટરશ્રી, સંલગ્ન તમામ સંસ્થા/કોલેજો તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.




**Chandkheda** : Nr. Campus of Vishwakarma Government Engineering College, Sabarmati-Koba Highway, Nr. Visat Three Roads, Chandkheda, Ahmedabad - 382 424, Gujarat, India. Ph. : 079 - 232 67 500

**Ahmedabad** : 2nd Floor, ACPC Building, L.D. College of Engineering Campus, Navrangpura, Ahmedabad, (Gujarat) India - 380 015. Phone : + 91 - 79 - 26 300 499 / 599 Fax : +91 - 79 - 26 30 1500

**Gandhinagar** : K-6 Circle, E-4, Electronic Estate, G.I.D.C., Nr. Government Polytechnic, Sector-26, Gandhinagar - 382 028, Gujarat.

**e-mail : info@gtu.ac.in URL : www.gtu.ac.in**